# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા
# હવામાન આગાહી આધારીત કૃષિસલાહ બુલેટીન
# ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ
# તા.૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦

(ગ્રામીણ કૃષિ મૌસમ સેવા ,સૂકી ખેતી સંશોધન કેન્દ્ર ,જુ.કૃ.યુ..તરઘડિયા અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

**ગુજરાતના ઉત્તર સૌરાષ્ટ્રના જિલ્લાઓનું કૃષિ હવામાન બુલેટીન નં.૬૪/૨૦૨૦**

**પાછલા અઠવાડીયાનું રાજકોટનું હવામાન**

| હવામાન પરિબળો | |
|---|---|
| વરસાદ(મી.મી) | 0.0 |
| મહતમ તાપમાન( સે.ગ્રે) | 33.5-34.6 |
| લઘુતમ તાપમાન( સે.ગ્રે) | 16.8-18.2 |
| ભેજ (%)સવાર | 50-63 |
| ભેજ (%)બપોરબાદ | 24-34 |
| પવનની ગતિ( કિમી/કલાક) | 2.3-2.9 |

**હવામાન આગાહી :પત્રક-ક**

**ઉતરસૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગ-હવામાન આગાહી ૦૮-૧૧-૨૦૨૦ સવારના ૮.૩૦ સુધી**

**તા.૦૭-૧૧-૨૦૨૦ થી ૧૧-૧૧-૨૦૨૦**

**કૃષિ સલાહ :**

- ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડીયા તરફથી જણાવવામાં આવે છે કે ,ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

**રાજકોટ :**

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૦૭-૧૧-૨૦૨૦ | દિવસ-૨ ૦૮-૧૧-૨૦૨૦ | દિવસ-૩ ૦૯-૧૧-૨૦૨૦ | દિવસ-૪ ૧૦-૧૧-૨૦૨૦ | દિવસ-૫ ૧૧-૧૧-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 35 | 36 | 35 | 35 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 20 | 20 | 20 | 20 | 20 |
| મહતમભેજ (%)સવાર | 23 | 39 | 48 | 39 | 29 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 17 | 14 | 18 | 18 | 14 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 9 | 9 | 11 | 13 | 11 |
| પવનનીદિશા(ડીગ્રી) | 70 | 60 | 45 | 58 | 68 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- રાજકોટ જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૬ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૦-૨૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- આ સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૨૩-૪૮ અને ૧૪-૧૮ રહેશે.
- પવનની દિશા પૂર્વ અને ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૯ થી ૧૩ કીમી/કલાક રહેવાની શકયતા છે.

મોરબી :

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૦૭-૧૧-૨૦૨૦ | ૦૮-૧૧-૨૦૨૦ | ૦૯-૧૧-૨૦૨૦ | ૧૦-૧૧-૨૦૨૦ | ૧૧-૧૧-૨૦૨૦ |
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 35 | 36 | 35 | 35 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 20 | 20 | 20 | 20 | 20 |
| મહતમ ભેજ (%)સવાર | 30 | 43 | 55 | 47 | 31 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 14 | 17 | 22 | 20 | 14 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 9 | 9 | 10 | 14 | 13 |
| પવનનીદિશા(ડીગ્રી) | 34 | 259 | 75 | 58 | 66 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- મોરબી જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૦-૨૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- આ સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૩૦-૫૫ અને ૧૪-૨૨ રહેશે.
- પવનની દિશા ઈશાન, પશ્ચિમ અને પૂર્વની રહેવાની અને પવનની ઝડપ ૯ થી ૧૪ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

દેવભૂમિ દ્વારકા;

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૦૭-૧૧-૨૦૨૦ | ૦૮-૧૧-૨૦૨૦ | ૦૯-૧૧-૨૦૨૦ | ૧૦-૧૧-૨૦૨૦ | ૧૧-૧૧-૨૦૨૦ |
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 32 | 33 | 34 | 34 | 34 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 23 | 23 | 23 | 23 | 23 |
| મહતમભેજ (%)સવાર | 49 | 58 | 61 | 58 | 43 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 26 | 27 | 35 | 36 | 27 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 14 | 13 | 15 | 17 | 17 |
| પવનનીદિશા(ડીગ્રી) | 56 | 36 | 345 | 30 | 54 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૨-૩૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૩-૨૩ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- આ સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૪૩-૬૧ અને ૨૬-૩૬ રહેશે.
- પવનની દિશા ઈશાન અને ઉતરની રહેવાની અને પવનની ઝડપ ૧૩ થી ૧૭ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

સુરેન્દ્રનગર :

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૦૭-૧૧-૨૦૨૦ | ૦૮-૧૧-૨૦૨૦ | ૦૯-૧૧-૨૦૨૦ | ૧૦-૧૧-૨૦૨૦ | ૧૧-૧૧-૨૦૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 35 | 36 | 35 | 35 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 20 | 20 | 20 | 20 | 20 |
| મહતમભેજ (%)સવાર | 27 | 38 | 48 | 39 | 28 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 18 | 17 | 23 | 20 | 18 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 9 | 8 | 11 | 12 | 11 |
| પવનનીદિશા(ડીગ્રી) | 68 | 158 | 34 | 68 | 69 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- સુરેન્દ્રનગર જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૬ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૦-૨૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૨૭-૪૮ અને ૧૭-૨૩ રહેશે.
- પવનની દિશા પૂર્વ, દક્ષિણ અને ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૮ થી ૧૨ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

અમરેલી :

| તારીખ<br>પેરામીટર | દિવસ-૧<br>૦૭-૧૧-૨૦૨૦ | દિવસ-૨<br>૦૮-૧૧-૨૦૨૦ | દિવસ-૩<br>૦૯-૧૧-૨૦૨૦ | દિવસ-૪<br>૧૦-૧૧-૨૦૨૦ | દિવસ-૫<br>૧૧-૧૧-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 35 | 35 | 35 | 35 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 17 | 17 | 17 | 17 | 17 |
| મહતમભેજ (%)સવાર | 36 | 46 | 40 | 35 | 32 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 19 | 16 | 16 | 19 | 17 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 10 | 8 | 11 | 13 | 13 |
| પવનનીદિશા(ડીગ્રી) | 75 | 158 | 68 | 63 | 63 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- અમરેલી જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૭-૧૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૩૨-૪૬ અને ૧૬-૧૯ રહેશે.
- પવનની દિશા પૂર્વ, દક્ષિણ અને ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૮ થી ૧૩ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

જામનગર :

| તારીખ<br>પેરામીટર | દિવસ-૧<br>૦૭-૧૧-૨૦૨૦ | દિવસ-૨<br>૦૮-૧૧-૨૦૨૦ | દિવસ-૩<br>૦૯-૧૧-૨૦૨૦ | દિવસ-૪<br>૧૦-૧૧-૨૦૨૦ | દિવસ-૫<br>૧૧-૧૧-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન ( સે.ગ્રે) | 33 | 34 | 35 | 35 | 35 |
| લઘુતમ તાપમાન ( સે.ગ્રે) | 23 | 23 | 23 | 23 | 23 |
| મહતમ ભેજ (%) સવાર | 35 | 47 | 56 | 43 | 35 |
| લઘુતમ ભેજ (%) બપોર બાદ | 22 | 21 | 26 | 28 | 21 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 12 | 14 | 15 | 13 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પવનની દિશા (ડીગ્રી) | 70 | 195 | 292 | 28 | 68 |
| વાદળની સ્થિતિ (ઓકટા) | 0 | 0 | 0 | 0 | 0 |

- જામનગર જીલ્લામાં આગામી તા.૦૭-૧૧-૨૦૨૦ થી તા.૧૧-૧૧-૨૦૨૦ દરમ્યાન હવામાન સુકું અને ચોખ્ખું રહશે.
- આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૩-૨૩ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૩૫-૫૬ અને ૨૧-૨૮ રહેશે.
- પવનની દિશા પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૫ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

- કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ખેતી કાર્યો અને ખેત પેદાશના વેચાણ અને બીજ, ખાતર અને દવાઓની ખરીદી દરમ્યાન મોં પર કપડું (માસ્ક) બાંધી રાખવું અને બે વ્યક્તિ વચ્ચે ૬ થી ૭ ફૂટ અંતર જાળવવું.
- શિયાળુ પાકોના વાવેતર માટે ચણા, રાઈ, લસણ, ઘઉં, જીરું, ધાણા, ડુંગળી, મેથી વિગેરેનું સારી ગુણવતાનું પ્રમાણિત બીજ અગાઉથી મેળવી લેવું અને વાવેતર કરવું.
- તા. ૧૧ થી ૧૭-નવેમ્બર-૨૦૨૦ : હવામાન આગોતરો વરતારો : તા. ૧૧ થી ૧૭-નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન સુકું અને સ્વચ્છ હવામાન રહેવાની શક્યતા છે.
- હવામાન ચેતવણી: -

મોબાઈલ સંદેશ:

- ચણા અને જીરુંના પાકમાં સુકારાનો રોગ ના આવે તે માટે માફકસરની છીચારી ખેડ કરવી અને વાવેતર સમયે બીજને કારબેન્ડાઝીમ ૨ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો.

| મુખ્ય પાક | પાક અવસ્થા | રોગ/જીવાત/જાત | કૃષિ સલાહ (૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી ભલામણ કરેલ દવા છાંટવી ) |
|---|---|---|---|
| લસણ | વાવેતર  | ગુજરાત લસણ-૫, યમુના સફેદ-૩(જી-૨૮૨) અથવા સ્થાનિક જાત | લસણને પાયામાં ૨૫ કી.ગ્રા. નાઈટ્રોજન, ૫૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, ૫૦ કી.ગ્રા. પોટાશ અને ૨૫૦ કી.ગ્રા. એરંડીનો ખોળ પ્રતિ હેક્ટર મુજબ આપી વાવણી કરવી. |
| ચણા | વાવેતર | ગુજરાત ચણા-૨, ગુજરાત જુનાગઢ ચણા-૩ | પાયામાં ૨૦ કી.ગ્રા. નાઈટ્રોજન, ૪૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, પ્રતિ હેક્ટર મુજબ આપી ચણાની વાવણી કરવી. વાવેતર વખતે ચણાના બીજને કારબેન્ડાઝીમ અથવા મેન્કોઝેબ અથવા કેપ્ટાન ૨ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ અને ૨૫૦ ગ્રામ રાઈઝોબીયમ કલ્ચરનો પ્રતિ ૧૦ કી.ગ્રા. મુજબ પટ આપવો |
| ધાણા | વાવેતર | ગુજરાત ધાણા-૨ | પાયામાં ૨૨ કી.ગ્રા. ડી.એ.પી. અને ૧૩ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર મુજબ આપી ધાણાની વાવણી કરવી. વાવેતર વખતે ધાણાના બીજને થાયરમ ૨ ગ્રામ પ્રતિ ૧ કી.ગ્રા. મુજબ પટ આપવો. |
| જીરું | વાવેતર | ગુજરાત જીરું-૪ | પાયામાં ૩૩ કી.ગ્રા. ડીએપી પ્રતિ હેક્ટર મુજબ આપી જીરૂની વાવણી કરવી. વાવેતર વખતે જીરૂના બીજને થાયરમ ૨ ગ્રામ પ્રતિ ૧ કી.ગ્રા. મુજબ પટ આપવો. |
| ઘઉં | વાવેતર | લોક-૧, જી.ડબ્લ્યુ-૪૯૬ | ઘઉના પાક માટે બીયારણનો જથ્થો ૧૦૦ થી ૧૨૫ કી.ગ્રા.પ્રતિ હેક્ટર રાખવો.પાયામાં ૧૩૦ કી.ગ્રા. ડીએપી, ૮૦ કી.ગ્રા. યુરિયા અને ૨૫ કી.ગ્રા. ઝીંક સલ્ફેટ પ્રતિ હેક્ટર મુજબ આપી ઘઉંની વાવણી |

| | | | |
|---|---|---|---|
| | | | કરવી. જ્યાં ઉધયનો ઉપદ્રવ રહેતો હોય ત્યાં ક્લોરપાયરીફોસ ૨૦ ટકા એ.સી. ૫ લીટર દવા પ્રથમ પિયત પાણી સાથે આપવી. |
| **રાયડો** | વાવેતર | **રાય વરુણા અને ગુજરાત-૧, ૨ & ૩** | પાયામાં ૩૦ કી.ગ્રા. નાઈટ્રોજન, ૩૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, પ્રતિ હેક્ટર મુજબ આપી રાયડાની વાવણી કરવી. |
| **કપાસ** | ચાપવા બેસવા અને ફૂલ ઉઘડવા | ગુલાબી ઇયળ | ➢ કપાસમાં ગુલાબી ઇયળના નર ફુદાને એકત્રીત કરવા માટે હેકટરે ૪૦ ની સંખ્યામાં ફેરોમેન ટ્રેપ ગોઠવવા. વધુ નુકશાન હોય તો પ્રોફેનોફોસ ૫૦% ઇ.સી. ૨૦ મી.લી. અથવા સાયપરમેથ્રીન ૧૦ મિલી બીવેરીયા બાસીઆના ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમા મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• **કપાસમાં જરૂરિયાત મુજબ જ નિયંત્રિત પિયત આપવું અને યુરિયા ખાતરનો વધુ પડતો ઉપયોગ કરવો નહિ. જેથી ગુલાબી ઇયળનો ઉપદ્રવ વધે નહિ.** |
| **એરંડા** | વૃધ્દ્ધિ અને ફૂલ અવસ્થા | - | ➢ **જરૂરીયાત મુજબ પિયત આપવું.** |
| **તુવેર** | વાવેતર/ઉગાવો | - | • **જરૂરીયાત મુજબ પિયત આપવું.** |
| **ડુંગળી** | ફેર રોપણી /સીધું બીજથી વાવેતર | **રીંગ વળી જવી અને જાંબલી ધાબાનો રોગ** | • ડુંગળીમાં જાંબલી ધાબા, કોલેટોટ્રાયકમ અને ફ્યુઝેરીયમ ફૂગનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પમ્પમાં વારાફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.<br>• સફેદ કાંજી ડુંગળીના વાવેતર સમયે કાર્બેન્ડાઝીમ દવા ૨ થી ૩ ગ્રામ પ્રતિ કિલો મુજબ પટ આપીને પછી વાવેતર કરવું.<br>• શિયાળુ ડુંગળીનો રોપ ગાદી ક્યારા બનાવી તૈયાર કરવો. |
| **રીંગણી/ ટામેટી** | ફુલ/ફળ | **સફેદ માખી**<br><br>**ડુંખ અને→ ફળ કોરી ખાનાર ઈયળ**<br><br>**પાન કથીરી** | ➢ રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.<br>➢ ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી અથવા ડીડીવીપી ૭૬ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.<br>➢ રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
| **મરચી** | વૃધ્ધિ/ફુલ/ફળ | થ્રીપ્સ, સફેદ માખી<br><br>**કાલવ્રણ →**<br> | ➢ પ્રોફેનોફોસ ૨૦ મીલી અને લીંબોળીનું તેલ ૫૦ મિલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિલી ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાદ અથવા સ્પીનેટોરમ દવા ૫ મિલી. પ્રતિ પંપ છાંટવી.<br>➢ કાલવ્રણ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૨૦ ગ્રામના ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. |
| **લીંબુ** | ફળનો વિકાસ | **પાન કથીરી**<br><br><br>**સાયલા અને થ્રીપ્સ**<br>બદામી ટપકાં<br>પાનકોરીયુ<br>**હસ્ત બહાર** | • **લીંબુના બગીચામાં પાન કથીરીનો ઉપદ્રવ વધુ હોય તો તેના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ દવા ૧૦ મિલી ૧૦ લીટર પાણીમા મિશ્ર કરી છંટકાવ કરવો.**<br>• તેના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૩૦.૫ ટકા ૫ મીલી અને લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી/૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ હોય તો ટ્રાયઝોફોસ ૪૦ ટકા ૨૦/૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br><br>• **બદામી ટપકાના નિયંત્રણ માટે કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લીનના બે છંટકાવ ૧૫ દિવસના ગળે કરવા.**<br>• **પાનકોરીયુના નિયંત્રણ માટે ડીડીવીપી ૧૦ મી.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરીને છાંટવી.**<br>• **લીંબુના પાકમાં ઉનાળામાં વધુ ફળ લેવા માટે વરસાદની ઋતુ પછી વાડીને ૧૦-થી-૧૫ સે.મી. ઊંડાઈ સુધી ગોડ કરી ઝીણી મૂળ ઝાળ કાપી નાખવી અને પાંદડા ખરવા માંડે ત્યાં સુધી લંઘાય પછી પુખ્ત ઝાડ દીઠ ૫૦ કી.ગ્રા. છાણીયું ખાતર, યુરિઆ ૩૦૦ ગ્રામ, એમોનિયમ સલ્ફેટ ૫૦૦ ગ્રામ,** |

| | | | |
|---|---|---|---|
| | | | **ડી.એ.પી. ૧.૫ કી.ગ્રા. અને મ્યુરેટ ઓફ પોટાશ ૩૦૦ ગ્રામ આપી પિયત આપવું.** |
| પશુ/ મરઘા  | દુધાળા પશુના આઉને ઝીંક ઓક્સાઈડ અથવા બોરીક પાવડર થી બરાબર સાફ કરવું. તેમજ ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. પશુઓમાં ખરવા મોવાના રોગનું રસીકરણ કરાવવું. ઉછરતા પશુઓમાં કરમીયાની ગોળી આપવી. પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. ચોમાસા દરમ્યાન પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્વોનું મિશ્રણ આપવું. | | |

જા.નં. જુકૃયુ/સૂ.ખે./એગ્રોમેટ બુલેટીન / / ૨૦૨૦,
તરઘડિયા( રાજકોટ) તારીખ:૦૬/૧૧/૨૦૨૦

,

તંત્રીશ્રી/ડાયરેકટરશ્રી,
રાજકોટ,

ઉપરોક્ત માહિતી આપના દૈનિક સમાચાર પત્રોમાં, રેડીયોમાં ગામના ચોરાના કાર્યક્રમમાં તથા ટીવીના ગ્રામ્ય કાર્યક્રમમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરાવવા નમ્ર વિંનતી છે. સહકારની અપેક્ષા સહ આભાર.

ટેક્નીકલ ઓફિસર
સુકી ખેતીસંશોધન કેન્દ્ર
જુનાગઢ કૃષિ નિવર્સીટી
તરઘડીયા